ડીસામાં ૮ ઉમેદવારો વચ્ચે જંગ

ડીસા, તા. ૩૦

ડીસાની વિધાનસભા પેટા ચુંટણીનાં કાઉન્ટ ડાઉન વચ્ચે આજે ઉમેદવારી પત્રો પરત ખેચવાની આખરી તારીખે રાજકારણ ગરમાયું છે અને ઉમેદવારો અને તેમના ટેકેદારો એક-બીજાને હંફાવવા અનેકો કાવાદાવા કરી રજ્ઞા છે જયારે આજે અંતિમ દિવસે ૮ ઉમેદવારી પત્રો પરત ખેચાતા હવે આ પેટા ચુંટણી માં માત્ર ૮ ઉમેદવારો વચ્ચે ટક્કર જામશે.

બનાસકાંઠાના ડીસામાં ૧૩ વિધાનસભાની ચુંટણી આગામી ૧૩ સપ્ટેમ્બરે યોજાઈ રહી છે ત્યારે આજે ઉમેદવારી પરત ખેચવાની અંતિમ મુદત હોઈ નિર્ધારિત બપોરના ૩ કલાકે ૧૬ ઉમેદવારોમાંથી ૮ ઉમેદવારોએ પોતાના ઉમેદવારી પત્રો પાછા ખેંચ્યા હતા ? જેથી હવે આગામી ૧૩ સપ્ટેમ્બરે યોજાનારી ડીસા વિધાનસભા પેટા ચુંટણીમાં માત્ર ૮ ઉમેદવારો ચુંટણી લડવા મેદાનમાં છે, તેવું અધિકારીક સ્તરથી ડીસાનાં ચુંટણી અધિકારી અને નાયબ કલેકટર દિગંત બ્રમ્બ ભટ્ટ દ્વારા જણાવાયું હતું.

તો વળી, બન્ને રાજકીય પક્ષોનાં આગેવાનોએ પણ તેમની તમામ રાજકીય તાકાત અને વગનાં ઉપયોગથી અને વિચારસરણીથી તેમના ટેકામાં અમુક ઉમેદવારોને બેસાડતા ૧૬ ઉમેદવારોમાંથી માંડ ૮ જેટલા ઉમેદવારો ચુંટણી જંગમાં રજ્ઞા છે. જે ઉમેદવારો આ ચુંટણી જંગમાં લડી રજ્ઞા છે તેમાં રાષ્ટ્રીય નેશનલ કોગ્રેસનાં ગોવાભાઈ એચ. દેસાઈને પક્ષનું નિશાન હાથનો પંજો, ભારતીય જનતા પાર્ટીનાં ઉમેદવાર ઠાકોર લેબાજી ચમનાજીને પક્ષનું નિશાન કમળ, જયારે અન્ય છ અપક્ષોમાં જગદીશભાઈ જયંતીભાઈ પટેલ રહે, ચંડીસર, જી.આઈ.ડી.સી. તાલુકો - પાલનપુરને ચુંટણી -તિક તરીકે ટેલીવિઝન, અપક્ષ ઉમેદવાર ઠાકોર ભુપતજી રવાજી રહે, લોરવાડા તાલુકો- ડીસાને ચુંટણી -તિક તરીકે ફોક, અપક્ષ ઉમેદવાર પઠાણ મુનાવરખાન આલમખાન રહે, બેકરીકુવા -ડીસાને ચુંટણી -તિક તરીકે કેમેરો, અપક્ષ ઉમેદવાર પઢિયાર પરબતભાઈ ગોવાભાઈ રહે, બલોધર - ડીસાને ચુંટણી -તિક તરીકે ડીઝલ પંપ, અપક્ષ ઉમેદવાર પરમાર છગનચન્દ્ર રહે, માલણ-તાલુકો-પાલનપુરને ચુંટણી -તિક તરીકે હોકી-દડી, અપક્ષ ઉમેદવાર શ્રીમાળી અશોકભાઈ બાલચંદ રહે, અંબિકાનગર, ચડોતર - તાલુકો પાલનપુરને ચુંટણી -તિક તરીકે નાળીયેરનું -તિક ફાલ્વાયેલું છે. આમ, ડીસા વિધાનસભા પેટા ચુંટણીમાં માત્ર ૮ ઉમેદવારો વચ્ચે સીધો મુકાબલો યોજાનાર હોઈ વિવિધ રાજકીય પક્ષો સાથે અપક્ષો પણ પોતાના ભાગ્ય માટે આશાવાદી હોઈ રાજકીય બેઠકોનાં દોરમાં ભારે ગરમાવો આવેલો છે.

મેઘરજ ખાતે યોજાયેલ ધ્વજવંદનમાં હાજર ન રહેનાર

૪૬ સરકારી કર્મચારીઓને કલેકટર દ્વારા નોટીસ ફટકારાઈ

કારણદર્શક નોટીસ પાઠવી ૩ દિવસમાં ખુલાસો મંગાયો

મોડાસા, તા.૩૦

અરવલ્લી જીલ્લાની પ્રથમ વર્ષગાંઠ અને ૧૫મી ઓગષ્ટની ઉજવણી મેઘરજ મુકામે યોજવામાં આવી હતી. આ ઉજવણીમાં સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લાના ૪૬ જેટલા આળસુ કર્મચારીઓ હાજર ન રહેતા આજરોજ જીલ્લા કલેકટર બી. જે. ભટ્ટે આ તમામને કારણદરર્શક નોટીસ પાઠવી હતી.

આપણા દેશના સરકારી કર્મચારીઓ હાલ પણ આપણો ભારત દેશ આઝાદ થયો હોવા છતા પણ હજુ અંગ્રેજોની ગુલામીમાંથી મુકત ન થયો હોય તેવો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અરવલ્લી જીલ્લાનો જીલ્લા કક્ષાનો ૧૫મી ઓગષ્ટનો કાર્યક્રમ અરવલ્લી જીલ્લાના મેઘરજ ખાતે યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે મફતનો પગાર લેવા ટેવાયેલા અને ઓફીસોમાં ગુલ્લી મારવા ટેવાયેલા કર્મચારીઓ ૧૫મી ઓગષ્ટ જેવા રાષ્ટ્રીય કાર્યક્રમમાં જ હાજર ન રહેતા જીલ્લા કલેકટર બી. જે. ભટ્ટે આ તમામને આજે કારણ દર્શક નોટીસ પાઠવી હતી.

જેમાં નીચે મુજબના કર્મચારીઓને કલેકટર ધ્વારા નોટીસ પાઠવવામાં આવી હતી.

(૧) નિયામકશ્રી જિ.ગ્રા.વિ. એજન્સી (૨) પ્રાયોજન વહિવટદારશ્રી આદિજાતી વિકાસ પ્રોજેકટ ખેડબ્રહ્મા (૩) અધીક્ષક ઈજનેરશ્રી યુજીવીસીએલ. હિંમતનગર (૪) કાર્યપાલક ઈજનેરશ્રી મા.મા વિભાગ સાબરકાંઠા (૫) જીલ્લા કુંટુંબ કલ્યાણ અધિકારી સાબરકાંઠા (૬) કાર્યપાલક ઈજનેરસીંચાઈવિભાગ અરવલ્લી (૭) કાર્યપાલક ઈજનેર મા.મ વિભાગ હિંમતનગર (૮) નાયબ કાર્યપાલક ઈજનેર યુજીવીસીએલ મોડાસા (૯) કાર્યપાલક ઈજનેરશ્રી તલોદ (૧૦) સહાયક વાણીજય વેરા કમીશ્નર મોડાસા (૧૧) જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધીકારી હિંમતનગર (૧૨) જીલ્લા નાયબ નિયામક વિકસતી જાતી હિંમતનગર (૧૩) મદદનીશ પશુપાલકન નિયામક ઘનીષ્ઠ મરઘા વિકાસ હિંમતનગર (૧૪) નાયબ પશુપાલકન નિયામક ઘનીષ્ઠ પશુપાલન સુધારણ હિંમતનગર (૧૫) મુખ્ય જીલ્લા આરોગ્ય અધીકારી સવીલ સર્જન (૧૬) જિલ્લા તકેદારી અધીકારીશ્રી આદિજાતી વિકાસ હિંમતનગર (૧૭) જીલ્લા આયોજન અધિકારી અરવલ્લી મોડાસા (૧૮) જીલ્લા રોજગાર અધિકારીશ્રી હીંમતનગર (૧૯) જિલ્લા મેનેજર ગુજરાત અ.જા. વિકાસ નિગમ હિંમતનગર (૨૦) ભુસ્તર શાસ્ત્રી અરવલ્લી (૨૧) ડી.આઈ. એલ.આર. મોડાસા (૨૨) સુપ્રીટેન્ડ લેન્ડ રેકર્ડ હિંમતનગર (૨૩) સીટી સર્વે સુપ્રીટેન્ડનશ્રી અરવલ્લી (૨૪) કાર્યપાલક ઈજનેર સિંચાઈ હિંમતનગર (૨૫) કાર્યપાલક ઈજનેર મા.મ હિંમતનગર (૨૬) જીલ્લા ખેતીવાડી અધિકારી જીલ્લા પંચાયત હિંમતનગર (૨૭) જીલ્લા સમાજ કલ્યાણ અધિકારી જીલ્લા પંચાયત હિમતનગર (૨૮) સમાજ અધિકારી વિ.જા મોડાસા (૨૯) નાયબ ખેતી નિયામક વીસ્તરણ હિંમતનગર (૩૦)જીલ્લા આંકડા અધિકારી હીંમતનગર (૩૧) મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી હિંમતનગર (૩૨) જીલ્લા મેલેરીયા અધિકારી સા.કા (૩૩) પોગ્રામ ઓફીસર આઈ.સી.ડી.એસ (૩૪) જીલ્લા પ્રાથમીક શિક્ષણાધીકારી હિંમતનગર (૩૫) જીલ્લા રમતગમત અધિકારી હિંમતનગર (૩૬) જનરલ મેનેજર જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર હિંમતનગર (૩૭) વિભાગીય નિયામક એસ.ટી. હિંમતનગર (૩૮) અધિક્ષક નશાબંધી અને આબકારી હિંમતનગર (૩૯) અધિક્ષક સબજેલ મોડાસા (૪૦) મદદનીશ કમિશ્નર ખોરાક અને ઔષધ નિયામક હિંમતનગર (૪૧) નાયબ બાગાયત નિયામક હિંમતનગર (૪૨) નગર નિયોજન હિંમતનગર (૪૩) મદદનીષ મેનેજર જી.આઈ.ડી.સી મોડાસા (૪૪) સરકારી શ્રમ અધિકારી હિંમતનગર (૪૫) મદદનીશશ્રમ આયુકત ઉદ્યોગ હિંમતનગર (૪૬) જીલ્લા પેટાતીજોરી અધિકારી મોડાસા આ તમામને પોતાની ખાતાની કચેરીના વડા હોવાને નાતે જીલ્લા કલકેટરે ફરજીયાત હાજર રહેવાનો આદેશ કર્યો હોવા છતા હાજર ન રહેતા કલેકટરશ્રીએ નોટીસ પાઠવતા ફફડાટ વ્યાપી ગયો હતો.

(તસવીર : સમીર બલોચ, મોડાસા)

મેઘરજના ૩૨ લાભાર્થીઓને

૨૦૧૧ના ગરીબ કલ્યાણ મેળામાં ફાળવેલા પ્લોટ આપવામાં તંત્ર દ્વારા કરવામાં આવતા ઠાગાઠૈયા

મોડાસા, તા.૩૦

વર્ષ ૨૦૧૧માં અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે ભાજપ સરકાર ધ્વારા ગરીબ કલ્યાણ મેળાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જે ગરીબ કઈયાણ મેળામાં હાલના પી.એમ. અને એ વખતના ગુજરાત રાજયના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ધ્વારા મેઘરજના ૩૨ જેટલા ઘરવિહોણા લાભાર્થીઓને ઘરથાળ પ્લોટ આપવાનુ જાહેર કરાયુ હતુ. પરંતુ આજદિન સુધી કેટલીયે લેખીત અને મૌખીક રજુઆતો કરવા છતાં પણ આ લાભાર્થીઓ ને ચાર ચાર વર્ષ જેટલો સમય વિતી ગયો હોવા છતાં પણ પ્લોટ ના ફળવાતા ગરીબોની ક્રુર મજાક થઈ રહી હોય તેવુ દેખાઈ રહયુ છે.

આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર અરવલ્લી જીલ્લાના મોડાસા ખાતે ૪ વર્ષ અગાઉ સરકાર ધ્વારા ગરીબ કલ્યાણ મેળાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. આ મેળામાં ગરીબી રેખામાં આવતા ઘર વિહોણા લોકોને સરકાર ધ્વારા મફત પ્લોટ ફાળાવવામાં આવ્યા હતા અને તે પણ નરેન્દ્ર મોદીની હાજરીમાં પરંતુ આજ દીન સુધી આ જાહેરાત જાણે કાગળ ઉપર જ બતાવવા માટે થઈ હોય તેવુ દેખાઈ રહયુ છે. કારણ કે આ ફાળવવામાં આવેલા ૩૨ જેટલા પ્લોટ હજુ સુધી લાભાર્થીઓને મળ્યા નથી. એ વખતે ગરીબ કલ્યાણ મેળામાં મફત પ્લોટ ફાળવવાની મુખ્યમંત્રીની જાહેરાતથી આ ઘર ના ઘરનુ સપનુ જોતા લાભાર્થીઓ ખુશખુશાલ થઈ ગયા હતા. પરંતુ આજે ચાર વર્ષ જેટલો લાંબો સમયગાળો વિતિ ગયો હોવા છતા આ લાભાર્થીઓ અત્યાર સુધી ગ્રામ પંચાયત તાલુકા પંચાયત અને જીલ્લા પંચાયતમાં ધરમના ધકકા ખાઈને થાકી ગયા. તેમના દ્વારા વારંવાર લેખીત અને મૌખીક રજુઆતો અધિકારીઓને કરી હોવા છતા જાણે આમ ગરીબ કલ્યાણ મેળા સરકાર ધ્વારા યોજીને આ ગરીબ ભોળી જનતાને ઉલ્લું બનાવવાનુ કામ કરવામાં આવતુ હોય તેમ અધિકારીઓ ધ્વારા પણ આ લાભાર્થીઓનુ કઈ સાંભળવામાં આવતો નથી. જયારે આ લાભાર્થીઓ હાલ તો પોતાની સાથે છેતરપીંડી થઈ હોય તેવુ મહેસુસ કરી રહયા છે. આ સંદર્ભે મેરજના તાલુકા વિકાસ અધિકારી વસંતભાઈનો સંપર્ક સાધતા તેમણે જણાવ્યુ હતુ કે આ બાબતને ગંભીરતાથી લઈને ગ્રામ પંચાયત પાસેથી આઘરથાળ પ્લોટની વિગત લઈને આ લાભાર્થીઓને જલ્દીથી પોતાને ફાળવેલ પ્લોટ મળી જાય તેવો પ્રયાસ કરવાની ખાત્રી આપી હતી.

પ્રાંતિજમાં પર્યુષણના સમાપને ભવ્ય શોભાયાત્રા નીકળી

અઠ્ઠઈ તપકરના ત્રણ બાલિકાઓની શોભાયાત્રામાં અબીલ ગુલાલની છોળો ઉડી : મોટી સંખ્યામાં જૈનો ઉમટ્યા

પ્રાંતિજ, તા. ૩૦

સાબરકાંઠા-જિલ્લાના પ્રાંતિજ ખાતે જૈન સંપ્રદાયોના તમામ જીનાલયો દ્વારા પૂ. પ્રન્યાસપ્રવર રાજકિર્તી મ.સા. તેમજ ભાગ્યપૂર્ણાશ્રીજી સા.મ.સા.ની નિશ્રામાં પર્યુષણ પર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. આ પર્યુષણ પર્વના સમાપને ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જેમાં અઠ્ઠઈ તપ કરનાર ત્રણ બાલિકાઓની શોભાયાત્રાનો સમાવેશ થાય છે.

પર્યુષણ પર્વ દરમિયાન તમામ જીનાલયોમાં આઠે-આઠ દિવસ ભગવાનની હૃદય-મનને ટાઢક વળે તેવી મન મોહક અને અહોભાવ જાગે તેવી આંગી કરવામાં આવી હતી. આ આંગી શણગારના દર્શન તમામ જૈન શ્રદ્ધાળુઓએ કર્યા હતા. પર્યુષણ પર્વના સમાપને મોટી સંખ્યામાં જૈન સમુદાય ઉમટી પડ્યો હતો અને ભગવાન મહાવીર, ભગવાન ધર્મનાથ અને ભગવાન અજીતનાથ વગેરેનો જય જયકાર બોલાવવામાં આવ્યો હતો. અબીલ ગુલાલની છોળો સાથે નીકળેલી આ શોભાયાત્રામાં ધાર્મિક સંદેશા ધરાવતા વિવિધ પોસ્ટરોએ લોકોનું ખૂબ ધ્યાન ખેંચ્યું હતું.

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

શામળાજી પોલીસે ૧૨.૭૫ લાખનો વિદેશી દારૂ ઝડપ્યો

મોડાસા, તા.૩૦

અરવલ્લી જિલ્લાના શામળાજી પોલિસ સ્ટેશનના પી.એસ.આઈ. તેમજ સ્ટાફ દ્વારા શામળાજી સરહદે ગુજરાતમાં ઘુસાડવામાં આવી રહેલા વિદેશી દારૂના જથ્થાને ઝડપવામાં સફળતા મળી છે.

ગાંધીના ગુજરાતમાં વિદેશી દારૂનો ઉપયોગ બેફામ રીતે કરવામાં આવે છે. દારૂબંધી હોવાના કારણે ભારતભરમાં સૌથી ઉંચા ભાવે દારૂના શોખીનોને બુટલેગરો દ્વારા કોઈ પણ રીતે પીરસવામાં આવે છે. શામળાજી પોલિસ સ્ટેશનમાં પી.એસ.આઈ. સઘન ચેકિંગના કારણે વિદેશી દારુ ઝડપવામાં સફળતા મળી છે.

હરિયાણા પાસીંગની ટ્રક ગાડી જેનો નં. એચઆર ૩૮૭૧૧૯ના ડ્રાયવર નામ જઈકખાન રહે. નાવલી (હરિયાણા) અને મો. તૌફીક (રહે. જમાલગઢ-હરિયાણા) જમીનખાન વગેરે મળી વગર પાસ પરમીટે કંપની સીલવાળો વિદેશી દારૂ તથા બિયરની પેટીઓનો જથ્થો જેમાં વિદેશી દારૂની કુલ પેટી ૩૦૯ કુલ બોટલ ૪૮૯૬ કિં. રૂ. ૧૨,૭૫,૬૦૦ તથા ટ્રક ગાડી નંબર એચઆર ૩૮૭૧૧ની કિ. રૂ. ૧૦,૦૦,૦૦૦ તથા સેમસંગ કંપનીનો મોબાઈલ ફોન નંગ એક કિં. રૂ. ૧૦૦૦ મળી કુલ મુદ્દામાલ રૂ. ૨૨,૭૭,૬૦૦ સાથે ગુજરાતમાં પ્રવેશ કરતા ઝડપી પાડવામાં આવ્યા હતા.

(તસવીર : જય અમીન, મોડાસા)

ગોપાલપુરાની ક્વૉરીમાંથી દોઢ લાખની મત્તાની ચોરી

ધનસુરા, તા. ૩૦

ધનસુરાના ગોપાલપુરામાં સ્થિત એક ક્વૉરીમાં આવેલ ઑફિસને તસ્કરોએ નિશાન બનાવ્યું હતું અને દોઢ લાખની મત્તા ચોરી કરી પલાયન થઈ ગયા હતા.

મળતી માહિતી અનુસાર ધનસુરા નજીક ગોપાલપુરામાં અનેક ક્વૉરીઓ આવેલી છે. જે પૈકીની એક ક્વૉરીને ગતરોજ કેટલા તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. તસ્કર ટોળકીએ અંધારાનો લાભ લઈ ક્વૉરીમાં આવેલ ઑફિસના તાળા તોડી ઑફિસમાં પ્રવેશ કર્યો હતો. અને ટી.વી., ફ્રીજ, એ.સી., કમ્પ્યુટર, મોટરો વગેરે મળી કુલ રૂ. ૧.૫૦ લાખની મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. ચોરી અંગે ધનસુરા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મ.લા. ગાંધી કેળવણી મંડળ સંચાલિત જીપીએસસી ના ફ્રી સેમીનારનું આયોજન

મોડાસા, તા. ૩૦

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં એજ્યુ. ક્ષેત્રે મોખરાનું સ્થાન ધરાવતી મ.લા. ગાંધી કેળવણી મંડળ સંચાલિત જીપીએસી કેરીયર એકેડમી દ્વારા ફ્રી સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

મ.લા. ગાંધી કેળવણી મંડળ દ્વારા મોડાસામાં ૧૪ જેટલી કોલેજનું સંચાલન કરવામાં આવે છે. મ.લા. ગાંધી કેળવણી મંડળ હંમેશા પોતાની કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જીંદગીમાં મોખરાનું સ્થાન મેળવે તેવી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આવાજ અને અત્યારે ખુબ જ તાતી જરૂરત એવા જીપીએસીના ફ્રી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉત્સાહિત અંદાજે ૮૦૦ વિદ્યાર્થીઓએ સેમીનારમાં ઉપસ્થિત રહ્યા હતા. કેરીયર એકેડમીના કો ઓર્ડીનેટર ડૉ. સંતોષ દેવકરે સૌનું સ્વાગત કર્યું હતું અને સેમિનારની રૂપરેખા રજુ કરી હતી. સેમીનારનું ઉદ્ઘાટન ડૉ. ઘનાશ્યામ શાહ તેમજ આર્ટસ કોલેજના પ્રિન્સીપાલ આર.આર. રોહિત, પ્રો. ભદ્રેશ પટેલ, જગદીશ ગાંધી, નિલેષ જોષી જેવા આમંત્રીત મહેમાનોએ વિદ્યાર્થીઓને દિશા સૂચન આપતા વક્તા રજૂ કર્યા હતા.

કુમાર પ્રકાશન અમદાવાદના પ્રો. પ્રફુલ ગઢવીએ નજીકમાં લેવામાં આવનાર રાજ્ય સરકાર હેઠળ બિન સચિવાલય કારકુન, સચિવાલય કારકુન, પોલીસ કોન્સ્ટેબલ, પી.એસ.આઈ., જેલ સિપાઈ વગેરેની પરીક્ષામાં કઈ રીતે તૈયારી કરવી અને સફળતા મેળવવી તેનો વિસ્તૃત અહેવાલ સાથે ખૂબ જ સુંદર છણાવટ પૂર્વક વિદ્યાર્થીઓને સમજાવ્યા હતા. સમગ્ર કાર્યક્રમના અંતે ડૉ. અશોક શ્રોફે સૌને આભાર વ્યક્ત કર્યો હતો. ૧૪ કોલેજના વિદ્યાર્થીઓએ ભાગ લઈ સેમીનારના અંતે આત્મવિશ્વાસ પૂર્વક સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળ થવાનો ધ્યેય વ્યક્ત કર્યો હતો.

(તસવીર : જય અમીન, મોડાસા)

મજરા પાસે હોટલ આગળ પાર્ક કરેલ કારના કાચ તોડી ૬૦ હજારની મત્તાની ઉઠાંતરી

પ્રાંતિજ, તા. ૩૦

પ્રાંતિજ નજીક મજરા ચોકડી પાસે હોટલ આગળ પાર્ક કરેલ કારના કાચ તોડી ગઠીયો રૂ. ૬૦ હજારની મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયો હતો. આ અંગે કારમાલિકે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

હિંમતનગર-ચિલોડા માર્ગ પર સ્થિત ન્યુ વિનય હોટલ સામે સાંજના સમયે નાસ્તો કરવા માટે પોતાના કાર લઈ એક પરિવાર આવ્યુ હતુ. દરમિયાન કાર લોક કરી હોટલમાં નાસ્તો કરવા ગયા હતા. બસ આ જ સમયે હોટલ આગળ પાર્ક કરેલી જીજે-૧-એચ.પી.એમ.-૨૦૯૪ કારનો કાચ તોડી કોઈ ગઠીયો મોબાઈલ, ઘડીયાળ, સોનાની રીંગ અને રોકડ રકમ ભરેલી રૂ. ૬૦ હજારની મત્તાની ઉઠાંતરી કરી પલાયન થઈ ગયો હતો. આ મામલે થોડા સમય બાદ કાર માલિકને જાણ થતા પોલીસને જાણ કરી હતી. પ્રાંતિજ પોલીસે આ મ્મલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦